Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-2, Continuous Issue-31, May - June 2025

# ગ્રામ અને નગરની નારીઓની સંવેદનાનાં શબ્દત્રોફણ: 'છૂંદણાં'

-જિજ્ઞા પટેલ

ગુજરાતી સાહિત્યનાં નવોદિત વાર્તાકાર જિજ્ઞા પટેલ સામાન્ય પરિવારમાં જન્મ્યાં અને ઊછર્યા છે. તેઓ કેશોદનાં રહેવાસી છે અને તેમનો અભ્યાસ એમ.એ.,બી.એડ. સુધીનો છે. તેઓ કચ્છનાં માંડવીમાં સરકારી શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેમને અધ્યાપન, વાચન, લેખન, પ્રવાસ અને ફોટોગ્રાફીનો શોખ છે. તેમની પાસેથી વર્ષ ૨૦૨૧માં અંતરિયાળ ગામડાંઓના ખેડૂતોનાં બાળકોનાં સૂક્ષ્મ નિરીક્ષણો અને તેમની સાથેના અનુભવોની હૃદયસ્પર્શી વાતો રજૂ કરતો દસ્તાવેજ 'અન્વીક્ષા' મળે છે. તે ઉપરાંત તેમની પાસેથી પ્રથમ વાર્તાસંગ્રહ 'છૂંદણાં' મળે છે. 'છૂંદણાં' એટલે શરીર ઉપર છૂંદીને પાડેલી અલંકારરૂપ ભાત કે આકૃતિ. છૂંદણાં એ આદિકાળથી લોકનારીના સૌંદર્યનું પ્રતીક બની રહ્યાં છે. સૌરાષ્ટ્રમાં 'છૂંદણાં પડાવવાં' કે 'ત્રાજવડાં ત્રોફાવવાં' એમ કહેવાય છે. આદિવાસીમાં ભીલ, ગરાસિયામાં અને સૌરાષ્ટ્રના સૈનિક, કાઠી, કારડિયા સથવારો, ચારણ, ભરવાડ, રબારી, કોળી, કણબી, આયર જેવા લોકવર્ણમાં છૂંદણાંનો રિવાજ જોવા મળે છે. વાર્તાસંગ્રહનું 'છૂંદણાં' શીર્ષક સ્ત્રીના જીવન સાથે અતૂટ સંબંધ ધરાવે છે. અહીં 'છૂંદણાં' ને સૂચક રીતે લઈને લેખિકાએ સ્ત્રીના હાથની રેખાને બતાવવાનો પ્રયત્ન કર્યો છે, જે કદી બદલી શકાતી નથી.

'છૂંદણાં' વાર્તાસંગ્રહનું પ્રકાશન માર્ચ, ૨૦૨૫માં Zen Opus, અમદાવાદ દ્વારા થયું છે. આ વાર્તાસંગ્રહના મુખપૃષ્ટ પર છૂંદણાં ત્રોફેલા હાથનું ભાત ભરેલું ચિત્ર આપવામાં આવ્યું છે. જેમાં ભાત-ભાતનાં છૂંદણાં ત્રોફાવેલાં છે. આ વાર્તાસંગ્રહમાં બાર વાર્તાઓનો સમાવેશ થયો છે. જેમાંથી 'કરસન આતા' વાર્તામાં બે વયોવૃદ્ધ પુરુષોની એકલતાની કરુણ કથા છે. બાકીની 'વાઇળ', 'છવ્વીસ મૂલ', 'સેઠોં', 'છોગું', 'કેન્સર', 'સમાધાન', 'છૂંદણાં', 'ચોત્રીસ', 'બા' વાર્તાઓમાં સ્ત્રીકેન્દ્રી નિરૂપણ થયું છે. 'માધવપુરના મેળે' વાર્તામાં પુરાકથાની સાથે તેજો અને રાજીની પ્રેમકથાનું નિરૂપણ થયું છે. 'બા' વાર્તા ડાયરીશૈલીમાં લખાયેલી વાર્તા છે.

'છૂંદણાં' વાર્તાસંગ્રહની વાર્તાઓની કથનશૈલી જોઈએ તો 'વાઈળ', 'છવ્વીસ મૂલ', 'સેઠોં', 'છોગું', 'કેન્સર', 'સમાધાન', 'બા' અને 'ટ્રેન' વાર્તાઓ પ્રથમ પુરુષ કથનરીતિમાં કહેવાઈ છે. તે ઉપરાંત 'કરસન આતા', 'છૂંદણાં', 'ચોત્રીસ', 'માધવપુરના મેળે' વાર્તાઓ સર્વજ્ઞ કથનરીતિમાં કહેવાયેલી વાર્તાઓ છે. તમામ વાર્તાઓમાં સૌરાષ્ટ્ર પ્રદેશની ગ્રામજીવનશૈલીનું આલેખન લેખિકાએ કર્યું છે. તેમની વાર્તાઓમાં ઘેડ પ્રદેશની લોકબોલીની મીઠાશ પાત્રોના સંવાદોમાં રજૂ થઈ છે. વાર્તાઓમાં આલેખાયેલો માધવપુર ગામની આજુબાજુનો ઘેડ પ્રદેશ ભગવાન શ્રીકૃષ્ણની લગ્નભૂમિ તરીકે વધારે ઓળખાય છે. તેમની દરેક વાર્તામાં લોકબોલી અને લેહકાઓનો નાદ સંભળાય છે.

'વાઈળ' વાર્તામાં નાયિકાનો પરંપરા સાથેનો સંઘર્ષ નિરૂપાયો છે. લીલું એક અલ્લડ અને સ્વતંત્ર વિચાર દ્રષ્ટિ ધરાવતું પાત્ર છે. બધી બહેનપણીઓ છૂંદણાં છૂંદાવવા પોરબંદર જાય છે ત્યારે લીલું પોતાની ડોક પર દાતરડું છૂંદાવે છે અને કહે છે, 'ભલે જાવ. હું પાડા હાર્યો પયણી જઈશ, પણ ફૂલડાં તો નઈ જ સીતરૂં. ને કોઈ કરે એવું તો નઈ જ કરૂં.' (પૃ.૪)

ઉપરોક્ત કથન લીલુની આધુનિક નારીની વિચાર દ્રષ્ટિને સ્પષ્ટ કરે છે. દાતરડું છૂંદાવવાથી સારો વર ન પરણે તો ચાલશે પણ ફૂલ નહીં છૂંદાવું કહેતી લીલું મુક્ત નારીચેતનાનું સૂચન કરે છે. લીલુંને મન પરંપરા પોતાની દ્રષ્ટિને ધ્યાનમાં રાખવાથી બને છે. તેથી જ વાઈળના પ્રસંગ માટે એના મનમાં એક ઉત્સાહ જાગે છે. બધા એને દીકરા માટે બાધા રાખવાનું કહે છે ત્યારે એને પરબત કહે છે, 'મારે મન દીકરો-દીકરી કાંઈ ફેર નો પડે વો લીલું! એને આપણે ઇંવ કાંઈ દોરા-ધાગા ન્યથ કરવા. હાં, ભગવાનને જી દેવું હોઈ ઈ ઘે. આપણે ઇ ભગવાનની પરસાદી હમજવાની આપણે તો દીકરીને પણ દીકરાની ઘોડ્યે જ પારશું.'(પૃ.૯)

પરબતના ઉપરોક્ત સંવાદો લીલુના હૃદયને પરિવર્તિત કરે છે. છૂંદણાંની માફક પરબતના વચન છાતીમાં કોતરી લઈને દીકરી રાજીના જન્મ બાદ પ્રથમ હોળીએ લીલુ રાજીનો વાઈળનો પ્રસંગ

કરવાનું નક્કી કરે છે. વાઈળ એટલે સૌરાષ્ટ્ર વિસ્તારમાં પ્રથમ પુત્રના જન્મ પછી આવતી પહેલી હોળી પર ઊજવવામાં આવતો પ્રસંગ. જેને સૌરાષ્ટ્રની લોકબોલીમાં ‘વાડ’, ‘વાળ’, ‘વાઈડ’, ‘વાઈળ’ કહેવાય છે. આ પ્રસંગમાં પુત્રના મામા અને તેનો પરિવાર પુત્ર માટે વરરાજા જેવાં કપડાં,દાગીના અને ભેટ સોગાદો લાવે છે. પુત્રને વરરાજાની જેમ શણગારી હોળીની ચાર પ્રદક્ષિણા કરવામાં આવે છે. પરિવારજનોનો પૂરતો વિરોધ છતાં લીલુ રાજીનો વાઈળનો પ્રસંગ પૂરો કરે છે. અહીં પુરુષપ્રધાન સમાજનાં બંધનો તોડતી લીલું નીડર નારીનું પ્રતીક બને છે. લીલું નાનપણથી જ કોઈ બંધનનો સ્વીકાર કરતી નથી. આમ, એ સમાજ સામે સંઘર્ષ કરે છે અને રાજીને દીકરી હોવાનો ગર્વ કરાવે છે.

આ વાર્તાસંગ્રહની શીર્ષક વાર્તા ‘છૂંદણાં’માં નારીની સૂક્ષ્મ સંવેદના વાલીડોશીના પાત્રમાં આલેખવામાં આવી છે. આ વાર્તામાં પરંપરા અને આધુનિકતા વચ્ચેનો ભેદ મહદંશે સ્પષ્ટ થતો બતાવ્યો છે. આદિકાળથી છૂંદણાં ત્રોફાવવાનો રિવાજ રહ્યો છે. એ નારીના શરીરનું ઘરેણું છે. આપણે જાણીએ છીએ કે પારંપરિક છૂંદણાં અર્થસભર છૂંદાવવામાં આવતાં અને સાંપ્રત સમયનાં છૂંદણાં માત્ર ‘ટેટુ’ બની ગયાં છે. જે માત્ર દેખાડો કે ફેશન કરવા માટે પડાવવામાં આવે છે. આ વાર્તામાં વાલીડોશીનો છૂંદણા સાથે જોડાયેલો પીડાદાયક પ્રસંગ આલેખાયો છે. વાલીડોશી પોતાની પોત્રીને કહે છે, ‘હું તો કવ કે ઈ બાયુની સેન શક્તિની કસોટી કે’વાય. બત્રીહ કોઠે ઝણઝણાટ્યું પુગે બાય! ઈ વેદના સેન કરી લ્યો પસી બીજા દખનું કાંવ જોર! દખ તો ભુલાઈ જાય નેં આજીવન ઇ ભાઈતું ડીલે રઈ જાય. જંઈ જંઈ દખ પડે તંઈ આ વેદનાને હંભારી લેવાની. ઇ તો દખના હંભાઈણાં કે’વાય...ઈમ માર કાકી કે’તા. ને કે’તા કે મરી જાયે તો કાંઈ ભેગું નો આવે, પણ આ ડીલના ડામ...આ...ત્રાજવા સે ને સમસાનમાંય ભેગા આવે. બીજું કાંઈ ટકે કે નો ટકે, પણ આ તો જીવનભર્ય હારોહાર્ય!’ (પૃ.૩૩)

અહીં છૂંદણાં ઉપરોક્ત કથન પ્રમાણે સ્ત્રીના જીવનમાં લખાયેલા લેખ સમા છે. જેને કદી છોડી શકાતા નથી, ભૂંસી શકાતા નથી. એ આજીવન વેઠવાનું થાય છે. એક વખત છૂંદાઈ જાય પછી એ સ્ત્રીના અસ્તિત્વનો હિસ્સો બની જાય છે. ‘અખેપાતર’ની નાયિકા કંચનબાના જીવનની જેમ દુઃખનો કદી અંત આવતો નથી. તેમ દુઃખ એના અસ્તિત્વ સાથે સંકળાય છે અને કંચનબા દુઃખને સહર્ષ સ્વીકારીને આગળ વધે છે.

‘ચોત્રીસ’ નામની વાર્તામાં લેખિકાએ પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીનું મૂલ્ય માત્ર ચોત્રીસ હજારનું બતાવ્યું છે. સ્ત્રી એ ખરીદવાલાયક વસ્તુ છે અને એની કિંમત ચોત્રીસ હજાર. અહીં મધુ અને સુષમા એમ બે સ્ત્રીઓને આલેખવામાં આવી છે. મધુએ દીપકના બાળકને ગર્ભમાં રાખી સમાજના ડરે આત્મહત્યા કરી છે. બીજી બાજુ સુષમા જેને પોતાના બાપે ચોત્રીસ હજારમાં વેચી દીધી છે. આ વાર્તામાં લેખિકાએ વેચાવું અને પરણવુંનો ભેદ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે. સમાજમાં રહેતા દીપક જેવા ચૂનો ચોપડવાવાળા પુરુષો મધુ અને સુષમા જેવી લીલી કૂંમળી કૂંપળોને ચૂનાની જેમ મસળી નાખીને પોતે માન સન્માનથી સમાજમાં જીવે છે. પછી એ ‘છવ્વીસ મૂલ’ વાર્તાનો જેનોશેઠ હોય, ‘સમાધાન’ વાર્તાનો મિતેષ હોય, કે ‘છૂંદણાં’ વાર્તાનો લાખો હોય. સમાજમાં આવા પુરુષો ક્યાં નથી રહેલા! એટલે જ લેખિકા લખે છે કે, ‘સાસરે જતી છોકરી શું વિચારતી હોય એ તો આપણે ક્યાં નથી જાણતાં, પણ વેચાયેલી છોકરી શું વિચારતી હશે એ કળવું તો મુશ્કેલ છે.’ (પૃ.૫૮)

અહીં સ્ત્રી હ્રદયની સૂક્ષ્મ સંવેદના હૃદયસ્પર્શી બને છે. જેનો અનુભવ કદાચ એક સ્ત્રી જ સમજી શકે એમ છે.

‘છવ્વીસ મૂલ’ વાર્તામાં ‘ચોત્રીસ’ વાર્તાની જેમ પુરુષે કરેલ કુકર્મને છુપાવવા માટે છવ્વીસ મૂલ દઈને જેનોશેઠ માનસન્માનથી સમાજમાં સ્થાન પામે છે. આ વાર્તાની નાયિકા કેસર ઉનાળુ વેકેશનમાં અંગ્રેજીનું ટ્યૂશન લેવાનાં સપનાં સેવી ખેતમજૂરીએ જાય છે, પરંતુ ખેતરનો માલિક જેનોશેઠ એના પર નજર બગાડી, કુકર્મ કરે છે. તેમ છતાં કેસરનાં બા બદનામીના ડરથી કુકર્મ કર્યાના વળતર છવ્વીસ મૂલ લઈને પોતાના મોઢે બુચ મારે છે. આમ, માલિક વર્ગના પુરુષો મજૂરવર્ગની સ્ત્રીઓનું કેવી રીતે શોષણ કરે છે. તેનું સચોટ નિરૂપણ આ વાર્તામાં થયું છે.

‘છોગું’ વાર્તા નારીચેતનાને કેન્દ્રમાં રાખી લખાયેલી વાર્તા છે. આજના સમયમાં સ્ત્રી સમાનતાની વાતો થાય છે. તેની સામે પુરુષપ્રધાન સમાજને વધારે મહત્વ આપતા વિષયવસ્તુ ધરાવતી વાર્તાઓ આ સમયમાં મળવી એ નવી વાત નથી. કહેવાય છે ને ‘સાહિત્ય એ સમાજનું દર્પણ છે.’ આજે પણ એવો સમાજ છે કે જ્યાં સ્ત્રીના વિચારો કે મતનું કોઈ મહત્વ રહેલું નથી. સેતના હોય કે બધીબેન. કોઈ પણ સ્ત્રી

પોતાના ધણી સામે એક શબ્દ બોલી શકતી નથી. એમાંય સેતના જેવી શક્તિરૂપ સ્ત્રી ખૂબ ઓછી જોવા મળે છે. એ કહે છે કે, 'ઘરાક હોય કે ઘરવાળો... મજા ન આવે એટલે ચોખ્ખું કઈ જ દેવાનું.' (પૃ.૯૫)

અહીં સેતનાના આ શબ્દો બધીબેનની છાતીમાં છૂંદણાંની માફક કોતરાઈ જાય છે. સેતનાને જોઈને બધીબેનની હિંમત વધે છે. તેથી જ જ્યારે બધીબેનની ભેંસ વાડામાંથી ભાગી જાય છે. ત્યારે એમનાથી બોલાય જાય છે,

'હારુ થ્યું ભાગી ગઈ'તી. બિસ્સારી એક તો સૂટી.' (પૃ.૯૮)

આ વાર્તામાં વાડામાંથી ભાગી ગયેલી ભેંસને વાર્તાસંગ્રહનાં સ્ત્રીપાત્રોની સ્વતંત્રતાની ઝંખના સાથે સરખાવવામાં આવ્યાં છે. વાર્તાસંગ્રહનું દરેક સ્ત્રીપાત્ર જાણે ભાગી છૂટવા તત્પર હોય એવો ભાવ ઉપરોક્ત કથનમાં પ્રગટ થાય છે. પુરુષના, સમાજના બંધનમાંથી ભાગી છૂટવા મથતી સ્ત્રી તેવી 'કેન્સર' વાર્તાની નાયિકા જયાબેન કહે છે, 'તમને ખબર નથી...? કેન્સર તો મને છે, પરણીને આ ઘરમાં આવી તે દુનું છે. રોજ-રોજ ગાંઠ મોટીને મોટી થાતી જાય પણ તમને ક્યાં કોઈને દેખાય છે... અરે, હું જ નથી દેખાતી કોઈને તો મારું કેન્સર ક્યાંથી દેખાય! ને આનું તો બેન...ઓપરેશનેય નથ થાય એમ! કરજો તપાસ કોઈ ડૉક્ટર હોય એવો ને કરી દ્યે મારા કેન્સરનું ઓપરેશન તો!' (પૃ.૧૧૭)

જયાબેનનાં ઉપરોક્ત કથન તેમના હૃદયમાં વર્ષોથી સંગ્રહી રાખેલી થકાન અને પીડાને વ્યક્ત કરે છે. ઘરનાં કામ મશીનની જેમ સદૈવ કરવા છતાં કોઈ ક્યારેય પૂછવા રાજી નથી થતું કે થાક લાગ્યો હશે! તું પણ આરામ કરી લે. સાંપ્રત સમયમાં ગમે તેટલી નારીસમાનતા, નારીચેતનાની વાતો થતી હોય, પરંતુ આજે પણ સમાજના કેટલાય વર્ગોમાં સ્ત્રીની દશા હજુ પણ કથડાયેલી અને ચગદાયેલી છે. હજુ પણ સ્ત્રી માત્ર 'Second Sex' છે. એમાં કોઈ પણ સુધાર જોવા મળતો નથી.

'સમાધાન', 'બા', 'ટ્રેન' વાર્તાઓમાં શહેરી જીવનશૈલીનો આલેખન થયું છે. 'સમાધાન' વાર્તા 'છવ્વીસ મૂલ' વાર્તા સાથે સામ્ય ધરાવે છે. જૈનાક્ષીનો અલ્પાબેનના પરિવાર સાથે પ્રેમભર્યો સંબંધ હોવા છતાં અલ્પાબેનની ગેરહાજરીમાં મિતેષ જૈનાક્ષી પર રેપ કરે છે. તેના સમાધાન રૂપે જૈનાક્ષીનાં માતા-પિતા મિતેષ પાસેથી બે લાખ રૂપિયા લઈને બીજા શહેરમાં રહેવા ચાલ્યાં જાય છે. આ વાર્તા દ્વારા લેખિકા સમજાવવા માગે છે કે સમાજમાં સ્ત્રી ક્યારેય પુરુષોનો વિરોધ કરી શકતી નથી, એને દંડ મળે એવું પગલું ભરી શકતી નથી. 'સમાધાન' વાર્તા અને 'છવ્વીસ મૂલ' વાર્તાનું કેન્દ્રવર્તી બિંદુ સમાધાન છે. અહીં સમાધાન કટાક્ષ રૂપે આવે છે. સ્ત્રીનાં ચીરહરણ કર્યાનું મૂલ્ય સમાધાન રૂપે લેવાય છે. તેવી જ શહેરી જીવનશૈલીનું આલેખન કરતી વાર્તા 'બા' રોહિતના મુખે કહેવાયેલી ડાયરી શૈલીની વાર્તા છે. આ વાર્તામાં સેજલની બા સાથેના સૂક્ષ્મભાવ જગતની ક્ષણોનું આલેખન ડાયરી દ્વારા પ્રગટ થયું છે. એ સૂક્ષ્મભાવ જગતમાં સેજલનો પતિ રોહિત ક્યાંય નથી. રોહિતને જિજ્ઞાસા જાગે છે કે, એવું તો શું છે? બાના ઘરમાં જે મેં નથી આપ્યું. તે જાણવા નોટબુકનાં પાનાં વાંચતો જાય છે અને સેજલની બા માટેની સૂક્ષ્મ સંવેદનાનો પટ ખૂલતો જાય છે. એક સ્ત્રી પોતાનું સંપૂર્ણ જીવન અજાણ્યા પુરુષ માટે આપી દેતી હોય છે પરંતુ એ સ્ત્રી પહેલાં એક માણસ છે એ યાદ રાખવું ઘટે છે. રોહિત ડાયરી વાંચ્યા બાદ તેજલને બાની દ્રષ્ટિથી જોવા લાગે છે. આ વાર્તાસંગ્રહની છેલ્લી વાર્તા 'ટ્રેન' હર્ષને કેન્દ્રમાં રાખીને કહેવાઈ છે. આ વાર્તામાં હર્ષની પ્રેમિકા ડિમ્પી સાથે સંબંધ તૂટવાથી હર્ષ નજીક આવેલા રેલ્વે ફાટક પર આત્મહત્યા કરવા જાય છે. પરંતુ રેલવેના ડબ્બાને પોતાનું ઘર બનાવીને રહેતી કલ્લુ એને બચાવે છે. એની સાથે એક દિવસ રહ્યા બાદ હર્ષને અનુભવ થાય છે કે કલ્લુ જેવી એકલી સ્ત્રી ઘર વગર, પ્રાથમિક જરૂરિયાતો વગર સત્તુ, પારુ જેવાં બાળકોનો જીવનનિર્વાહ કરી શકતી હોય તો હું શા માટે નહીં કરી શકું. આમ, 'ટ્રેન' વાર્તા જીવનના પ્રતીક તરીકે રજૂ થઈ છે. જીવનમાં લોકો આવે ને જાય છે. કોઈ એકના છોડી જવાથી જીવન ટૂંકાવી દેવાતું નથી. એ વાત હર્ષને સ્પષ્ટ રીતે સમજાય છે.

આમ, જિજ્ઞા પટેલના પ્રથમ વાર્તાસંગ્રહ 'છૂંદણાં'ની દરેક વાર્તામાં સમાજિક વાસ્તવ કળાત્મક રીતે પ્રગટ્યું છે. તેમની દરેક વાર્તામાં નારીહૃદયની સૂક્ષ્મ સંવેદનાનું આલેખન થયું છે. તેમની વાર્તાઓમાં વિષયવસ્તુ માટે સચોટ ફલક અને પરિવેશની યોગ્ય પસંદગી કરવામાં આવી છે. તેમની વાર્તાઓમાં પરંપરા અને આધુનિકતા વચ્ચેનો સંઘર્ષ ગ્રામચિત્રોને કેન્દ્રમાં રાખીને નિરૂપાયો છે. તેમની વાર્તાઓ નારીજીવનના વિવિધ ચિત્રોને અને ગ્રામજીવન સાથે જોડાયેલી સ્ત્રીના વિશ્વને અભિવ્યક્ત કરે છે.

---

જિજ્ઞા પટેલ
,પ્ર.Zen Opus, અમદાવાદ,પ્ર.આ.૨૦૨૫

શોધછાત્ર-ગીતા એમ. વળવી
ગુજરાતી વિભાગ,
ભાષા ભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.